# ખેડુતોની કફોડી સ્થિતિઃ એનપીકે ખાતરમાં ₹૭૦૦નો વધારો, હવે ૨૨૫૦ વસૂલાશે

**૧૦ માસમાં** ફરી ભાવ વધારાથી ચોમાસુ પાકના વાવેતર માટે ખાતર માટે મુશ્કેલી થશે

(પ્રતિનિધિ) આણંદ, તા.16

આણંદ જિલ્લાના ખેડૂતો કાળી મજરી કરવા છતા એક પછી એક નવી મુસીબતનો સામનો કરી રહ્યા છે. ક્યારેક મોસમનો માર તો ક્યારેક મોંઘવારીનો માર સહન કરતા ખેડૂતો ચોમાસુ પાક માટે ખાતરની વ્યવસ્થા કરવાના કામમાં હવે તો લાગી ગયા છે. ત્યારે ખાતરના વધેલા ભાવે જગતના તાત માટે નવી આફત લઈને આવ્યા હોય એવું લાગે છે. હાલ એનપીકે ખાતરના ભાવમાં રૂ.700 વધારો થતા ખેડૂતોને માથે વર્ષે ખાતર ખરીદી માટે મોટી રકમનું ભારણ વધશે.

બિયારણ, ખેડાણ, દવા, મજૂરીની સાથે ખેડૂતોને ખાતર પાછળ પણ મોર્ટો ખર્ચ કરવો પડે છે. આથી જ જિલ્લામાં ખાતરની માંગ પણ વિશેષ જોવા મળે છે. હાલ ઉનાળુ સીઝન પૂરી થવામાં અને ચોમાસુ સીઝન ચાલુ થવામાં હોવાથી વિવિધ ખાતરોની માંગ રહે છે. જેમાં એનપીકે ખાતરના 10 માસ પહેલા ખાતરના ભાવ વધેલ તેની સામે ફરી કંપનીના એનપીકે ખાતરના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે. જેમાં એક એનપીકે થેલીના ભાવમાં 700 વધારો કરવામાં આવતા આણંદ જિલ્લાના ખેડૂતોને વધારાનો બોજ સહન કરવો પડે તેમ લાગી રહ્યું છે.

રાસાયણિક ખાતરમાં તોતિંગ ભાવ વધારાએ ખેડૂતોની કમર તોડી નાંખી છે. ખાતરના ભાવ આસમાને પહોંચતાં ખેતી હવે આર્થિક રીતે પોષાય તેમ નથી. તેમજ ખેડૂતોની સ્થિતિ કફોડી બની ગઈ છે. ખેડૂતોએ જણાવ્યું હતું કે, આણંદ જિલ્લામાં ડાંગર, તમાકુ, શાકભાજી સહિત અન્ય પાકોનું વાવેતર થાય છે. પાકોમાં વધુ ઉત્પાદન મેળવવા માટે ખેડૂતો મોટા પ્રમાણમાં યુરિયા, સલ્ફેટ એએસપી અને પોટાશ જેવા ખાતરો ઉપયોગ કરે છે. જો આ ભાવ વધારો પાછો નહીં ખેંચાય તો ખેડૂતો માટે વિકટ પરિસ્થિતિ સર્જાવા પામશે

### સ્ટ્રેટ ઓફ હોર્મુઝ બંધ હોવાને કારણે સલ્ફરનો પુરવઠો ખોરવાયો છે, જેના કારણે ભાવ વધ્યા

20-20-0-13 ખાતરના ભાવમાં મોટો વધારો થયો છે. પહેલા આ ખાતરનો ભાવ 1,550 હતો, જે હવે વધીને 2,250 થયો છે. ખાતર જીએસએફસી દ્વારા બનાવાય છે અને તેને ભારત એનપીકે તરીકે પણ ઓળખવામાં આવે છે. ભાવમાં આટલો મોટો વધારો થવાનું મુખ્ય કારણ કાચા માલની અછત છે. એપીએસમાં 20% નાઈટ્રોજન, 20% ફોસ્ફરસ અને 13% સલ્ફર હોય છે. સલ્ફર બનાવવા માટે જરૂરી સલ્ફ્યુરિક એસિડ બહારથી મંગાવવું પડે છે. સ્ટ્રેટ ઓફ હોર્મુઝ બંધ હોવાને કારણે સલ્ફરનો પુરવઠો ખોરવાતા ભાવ વધ્યા છે.તેમ ખાતર વિક્રેતાઓ દ્વારા જણાવાયું છે.

### 3 વર્ષથી સતત ખાતરના ભાવમાં વધારો નોંધાયો

એનપીકે ખાતરની પણ વિવિધ પાકોના વાવેતરમાં મહત્વનું હોવાથી માંગ રહે છે. આણંદ જિલ્લામાં 2021-22માં ત્યારે ભાવ 1185 ભાવ હતો. જ્યારે નવેમ્બર 2024 સુધી 1470 ભાવ હતો. જે હવે જાન્યુઆરી 2025માં 1720 કરવામાં આવ્યો હતો. જ્યારે 29-7-2025ના રોજ ભાવ 130 વધારા સાથે 1850 થયો હતો. જે હાલ વધીને 2250 થયો છે. આમ ત્રણ વર્ષમાં ખેડૂતોએ થેલીમાં ખાતરની થેલી દિઠ 1065 વધારો થઈ ગયો છે.

# મહીસાગરમાં કુપોષણ સામે ખાનગી તબીબોનો સાથ લેવાશે

**'પ્રોજેક્ટ સહકાર'ના** નવા તબક્કામાં ખાનગી તબીબોની મદદ લેવાશે



(પ્રતિનિધિ) લુણાવાડા તા.17

મહીસાગર જિલ્લાને સંપૂર્ણપણે કુપોષણ મુક્ત કરવાના મક્કમ નિર્ધાર સાથે 'પ્રોજેક્ટ સહકાર'નો નવો તબક્કો અમલી બનાવવામાં આવ્યો છે. આ અભિયાન અંતર્ગત જિલ્લા વહીવટી તંત્ર અને ખાનગી તબીબોના સંકલનથી લુણાવાડા ખાતે ખાસ હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરી બાળકોના સ્વાસ્થ્યની તપાસ હાથ ધરવામાં આવી હતી.

આ પ્રોજેક્ટની વિશેષતા એ છે કે તેમાં આરબીએસકે ટીમની મદદથી જિલ્લાના ઓછા વજનવાળા બાળકોને શોધીને હોસ્પિટલ સુધી પહોંચાડવામાં આવી રહ્યા છે. અહીં બાળકોનું માત્ર સામાન્ય નિરીક્ષણ જ નહીં, પરંતુ બ્લડ ટેસ્ટ અને એક્સ-રે જેવી સઘન તબીબી તપાસ પણ કરવામાં આવશે, જેથી કુપોષણના મૂળ સુધી પહોંચી શકાય. મહીસાગર કલેક્ટરના જણાવ્યા અનુસાર, આ માત્ર એક તપાસ કેમ્પ નથી પણ એક લાંબાગાળાનું આયોજન છે. તપાસમાં જે બાળકોને વધુ સારવાર કે વિશેષ આહારની જરૂર જણાશે, તેમની અલગ યાદી તૈયાર કરી ચોકસાઈપૂર્વકનું ફોલો-અપ લેવામાં આવશે. સરકારી અને ખાનગી તબીબોના આ સંયુક્ત પ્રયાસો મહીસાગર જિલ્લાને કુપોષણના કલંકમાંથી મુક્તિ અપાવવામાં પાયાની ભૂમિકા ભજવશે.

# નડિયાદના પ્રકાશનગરમાં રસ્તાના દબાણ મુદ્દે પાડોશીઓ વચ્ચે ધીંગાણું

**રબારી** અને તળપદા પરિવારો વચ્ચે પથ્થરમારો

(પ્રતિનિધિ) નડિયાદ, તા.17

નડિયાદ શહેરના પ્રકાશનગર વિસ્તારમાં રસ્તાના દબાણ અંગે કોર્ટમાં ચાલતા કેસની અદાવત રાખીને બે પાડોશી પરિવારો વચ્ચે મોડી રાત્રે ભયંકર અથડામણ થઈ હતી. આ ઘટના અંગે નડિયાદ ટાઉન પોલીસે બંને પક્ષોની સામસામી ફરિયાદ નોંધીને કુલ 16 થી વધુ લોકો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

નડિયાદમાં શીતલ સિનેમા પાછળ આવેલી પ્રકાશનગર સોસાયટીમાં રહેતા ગીતાબેન જીતેન્દ્ર તળપદાએ ફરિયાદ નોંધાવી છે કે રસ્તા અને જમીનના ઝઘડાની જૂની અદાવત રાખીને હેમંત રાજાભાઈ રબારી અને તેમના પરિવારના સભ્યોએ રાત્રિના 9 વાગ્યાના સમયે તેમના ઘર પર હુમલો કર્યો હતો. ગીતાબેન પોતાનો જીવ બચાવવા ઘરની છત પર ગયા ત્યારે નવીનભાઈ રબારીએ ધારીયાનો ઘા તેમના માથાના ભાગે મારતા લોહીલુહાણ હાલતમાં તેમને નડિયાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા જ્યાં તેમને માથામાં 6 ટાંકા આવ્યા હતા. આ હિંસક હુમલામાં સંજય અને વિપુલએ પણ ગીતાબેનને લાકડાના ડંડા ફટકાર્યા હતા અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ગીતાબેનની ફરિયાદના આધારે નડિયાદ ટાઉન પોલીસે હેમંત રબારી સહિત 9 નામજોગ અને અન્ય 6 થી 7 અજાણ્યા શખ્સો વિરુદ્ધ રાયોટિંગ અને મારામારીનો ગુનો દાખલ કર્યો છે. સામા પક્ષ હેમરાજ રબારીએ નોંધાવેલી ફરિયાદ મુજબ તેમના પડોશમાં રહેતા જીતુભાઈ બાથાભાઈ તળપદાએ રસ્તા પર ગેરકાયદેસર દબાણ કર્યું હોવાથી તેમણે નડિયાદ કોર્ટમાં કેસ કર્યો છે. આ બાબતની અદાવત રાખીને 15 મે ના રોજ રાત્રે 9 વાગ્યાના સુમારે જીતુભાઈ અને તેમના પરિવારના સભ્યોએ ગાળો બોલીને હેમરાજભાઈના ઘર પર પથ્થરો અને કાચની બોટલોનો મારો ચલાવ્યો હતો. અને કોર્ટ કેસ પાછો ખેંચવાની ધમકી આપી હતી. આ મામલે પોલીસે જીતુભાઈ તળપદા અને અન્ય છ લોકો સામે ગુનો નોંધ્યો છે.

# રાજ્યભરમાં આરોગ્યક્ષેત્રે આણંદની વિશિષ્ટ સિદ્ધી : મલેરિયાના 'ઝીરો' કેસ

**મચ્છરના** ઉત્પત્તિ સ્થાનો બદલ 4.52 લાખથી વધુનો દંડ વસૂલાયો

(પ્રતિનિધિ) આણંદ તા.17

આણંદ જિલ્લામાં 'વિશ્વ મલેરિયા દિવસ' એક મોટી સિદ્ધિ સાથે આ દિવસની ઉજવણી કરી રહ્યો છે. મલેરિયા મુક્ત ગુજરાત 2030ના લક્ષ્યાંકને હાંસલ કરવા માટે વહીવટીતંત્ર અને આરોગ્ય વિભાગ દ્વારા આદરેલી સઘન કામગીરીના પરિણામે વર્ષ 2026માં અત્યાર સુધી મલેરિયાનો એક પણ કેસ નોંધાયો નથી, જે જિલ્લા માટે એક મહત્વની ઉપલબ્ધિ છે.



આણંદ જિલ્લામાં મલેરિયાના કેસોમાં 2024માં 17, 2025માં 9 અને ચાલુ વર્ષે 2026માં ચાર મહિનામાં મલેરિયા પર સંપૂર્ણ નિયંત્રણ મેળવવામાં સફળતા મળી છે. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. પિયુષ પટેલ અને જિલ્લા મલેરિયા અધિકારી ડો. રાજેશ પટેલના માર્ગદર્શન હેઠળ ૫૫ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને 8 અર્બન હેલ્થ સેન્ટરોમાં જનજાગૃતિના વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે.

આરોગ્ય વિભાગ દ્વારા જિલ્લાના કુલ 4,49,733 ઘરોની તપાસ કરવામાં આવી હતી, જેમાં 16,53,313 જેટલા પાત્રો તપાસવામાં આવ્યા હતા. આ કામગીરી દરમિયાન 40,182 પાત્રોમાં દવા નાખવામાં આવી હતી અને 5,786 બિનઉપયોગી પાત્રોનો નાશ કરવામાં આવ્યો હતો. વહીવટીતંત્ર દ્વારા માત્ર જાગૃતિ જ નહીં, પરંતુ કડક કાર્યવાહી પણ કરવામાં આવી રહી છે. કરમસદ-આણંદ મનપા વિસ્તારમાં મચ્છરના ઉત્પત્તિ સ્થાનો મળી આવવા બદલ અત્યાર સુધીમાં અંદાજે રૂપિયા 4,52,300 જેટલી દંડની રકમ વસૂલવામાં આવી છે.

કરમસદ મેડિકલ કોલેજ ખાતે મુખ્ય ઉજવણી વિશ્વ મલેરિયા દિવસની જિલ્લા કક્ષાની મુખ્ય ઉજવણી કરમસદ સ્થિત પ્રમુખસ્વામી મેડિકલ કોલેજ ખાતે વર્કશોપ દ્વારા કરવામાં આવશે. આ કાર્યક્રમમાં મચ્છરના જીવનચક્રનું જીવંત પ્રદર્શન, જૂથ ચર્ચા અને રેલી દ્વારા લોકોને માર્ગદર્શન આપવામાં આવશે. આ ઉપરાંત, જિલ્લાના તમામ આરોગ્ય કેન્દ્રો પર શેરી નાટક, માઈકિંગ અને શિબિર દ્વારા મલેરિયા નાબૂદીનો સંદેશ ઘરે-ઘરે પહોંચાડવામાં આવી રહ્યો છે.

### આણંદ જિલ્લામાં થયેલી કામગીરી

**તપાસાયેલા ઘરો:** ૪,૪૯,૭૩૩
**તપાસાયેલા પાત્રો:** ૧૬,૫૩,૩૧૩
**લોહીના નમૂના લીધા:** ૧,૫૯,૫૭૭
**ગપ્પીફિશ મૂકાઇ:** ૨૩૭ સ્થળોએ
**ફોગિંગની કામગીરી:** ૧૩૦૩ ઘરોમાં
**નોટિસ ફટકારાઈ:** ૧૨૭ ઘરોને

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### નડિયાદની હઠીપુરા પ્રાથમિક શાળામાં બાળકો માટે પ્રીતિભોજનનું આયોજન કરાયું



**નડિયાદ |** હઠીપુરા પ્રાથમિક શાળાના આચાર્ય મયૂરિકા રાજપૂતના આગોતરા જન્મદિવસની ઉજવણી નિમિત્તે શાળાના બાળકો અને SMC સભ્યો માટે પ્રીતિભોજનનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે વિદ્યાર્થીઓને નડિયાદની પ્રખ્યાત દાલપુરી અને ઉનાળાની ગરમીમાં ઠંડક આપતા રંગબેરંગી બરફના ગોળા પીરસવામાં આવ્યા હતા. શાળા પરિવાર અને બાળકો દ્વારા આચાર્યશ્રીને જન્મદિવસની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી આ દિવસને યાદગાર બનાવ્યો હતો. આ પ્રેરણાદાયી ઉજવણીથી શાળાના બાળકોમાં અનેરો આનંદ અને ઉત્સાહ જોવા મળ્યો હતો.

### શ્રી પી.એમ. પટેલ પીટીસી કોલેજના પ્રાધ્યાપક પી.એચડી. ડિગ્રીથી સન્માનિત થયા



આણંદ | આણંદ પીપલ્સ મેડિકેર સોસાયટીસંચાલિત શ્રી પી.એમ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેસન (પીટીસી)ના ઇન્ચાર્જ પ્રિન્સિપાલ પ્રા. હાર્દિકભાઇ પટેલને સીવીએમ યુનિવર્સિટીદ્વારાડોક્ટર ઓફ ફિલોસોફી (પી.એચડી.)ની ડિગ્રીથી સન્માનિત કરાયા છે. એજ્યુકેશન વિભાગનાફેકલ્ટી ડો. અંજલીબેન દવેની દેખરેખ હેઠળ "ચારુતર વિદ્યા મંડળ : અ કેસ સ્ટડી" વિષય પર ડોક્ટરલ સંશોધન પૂર્ણ કરતાં તેમને પી.એચડી.ની ડિગ્રી પ્રાપ્ત થઈ છે. આ પ્રશંસનીય શૈક્ષણિક સિદ્ધિ બદલ એપીએમએસના સ્થાપક પ્રમુખશ્રી બિપીનચંદ્ર પી. પટેલ (વકીલ), વાઈસ પ્રેસિડેન્ટ અને સીઇઓ ડો. પાર્થ બી. પટેલ, સેક્રેટરી અને રજિસ્ટ્રાર ડો. ઈશિતાબેન પી. પટેલ, એડમીન વિભાગના ડો. યુગ્માબેન પટેલએ શુભેચ્છા પાઠવી હતી.

### મહીસાગર કલેક્ટર કચેરી ખાતે જિલ્લા માર્ગ સલામતી સમિતિની બેઠક યોજાઇ

**સંતરામપુર |** મહીસાગર જિલ્લા કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે નિવાસી અધિક કલેક્ટર સી. વી. લટાના અધ્યક્ષસ્થાને 'જિલ્લા માર્ગ સલામતી (રોડ સેફ્ટી) કમિટી' ની અગત્યની બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લામાં માર્ગ અકસ્માતો નિવારવા, ટ્રાફિક વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવવા અને નાગરિકોની સલામતી સુનિશ્ચિત કરવા માટે વિવિધ મહત્વપૂર્ણ એજન્ડાઓ પર વિસ્તૃત ચર્ચા-વિચારણા કરી જરૂરી દિશાનિર્દેશો આપવામાં આવ્યા હતા. બેઠકની શરૂઆતમાં ગત તા. ૧૬-૦૪-૨૦૨૬ના રોજ મળેલ જિલ્લા માર્ગ સલામતી સમિતિની બેઠકની કાર્યવાહી નોંધની બહાલી આપવામાં આવી હતી અને અગાઉ લેવાયેલા નિર્ણયો અંગે અત્યાર સુધી થયેલ કામગીરીની સઘન સમીક્ષા કરવામાં આવી હતી. આ ઉપરાંત, વાહનચાલકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને ગોધરા-મોડાસા હાઇવે પર મુકાયેલા સ્પીડ બ્રેકરને IRC નોર્મ્સ (નિયમો) મુજબ સુધારવા અંગે અગત્યની ચર્ચા કરવામાં આવી હતી.



### માલાસોની ગામમાં વિશ્વ ડેન્ગ્યુ દિવસની ઉજવણી હેઠળ આરોગ્ય શિબિર અને રેલીનું આયોજન

**ખંભાત |** પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વડગામ તા.ખંભાત ના સ્ટાફ દ્વારા અને જિલ્લા મેલેરિયા અધિકારી ડો.રાજેશ પટેલ ના માર્ગદર્શન હેઠળ માલાસોની ગામ માં 16 મે વિશ્વ ડેન્ગ્યુ દિવસ ની ઉજવણી કરવામાં આવી અને આરોગ્ય શિબિર અને રેલી નું આયોજન કરવામાં આવ્યું અને લાઇવ પોરા બતાવવામાં આવ્યા તેમજ સ્થાનિક લોકો ને મચ્છર જન્ય રોગ અને તેનાથી થતા બચાવ વિશે આરોગ્ય શિક્ષણ આપવામાં આવ્યું અને ચાલો સાથે મળીને ડેન્ગ્યુ મુક્ત સમાજ બનાવીએ નો સંકલ્પ કરવામાં આવ્યો અને વિશ્વ ડેન્ગ્યુ દિવસ ની થીમ "સમુદાય ની ભાગીદારી થકી ડેન્ગ્યુ નિયંત્રણ કરીએ : પાણીના પાત્રો તપાસીએ, સાફ કરીએ અને ઢાંકી ને રાખીએ તેવી સલાહ આપી અને "સૂકા દિવસ "(Dry Day) પાળીને મચ્છર ના ઉત્પતિ સ્થાનો અટકાવીએ



### લુણાવાડાના વરધરી ખાતે 'અલ હુસેન ચેરિટેબલ ટ્રસ્ટ' દ્વારા મુસ્લિમ સમૂહ લગ્નોત્સવ યોજાયો

**લુણાવાડા |** મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના વરધરી ગામે મુસ્લિમ સમાજમાં સામાજિક એકતા અને બિનજરૂરી ખર્ચ ઘટાડવાના ઉમદા આશય સાથે એક ઐતિહાસિક અને પ્રશંસનીય કદમ ઉઠાવવામાં આવ્યું છે. વરધરી ખાતે કાર્યરત 'અલ હુસેન ચેરિટેબલ ટ્રસ્ટ' દ્વારા ગામના ઇતિહાસમાં પ્રથમ મુસ્લિમ સમૂહ લગ્નોત્સવનું અત્યંત ભવ્ય અને સફળ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અનેક નવદંપતીઓએ એકબીજાનો હાથ પકડીને નવી જિંદગીની શરૂઆત કરી હતી. આ મંગલમય પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલા પંચમહાલ પૂર્વ સાંસદ રતનસિંહ રાઠોડએ દીપ પ્રાગટ્ય કરી અને નવદંપતીઓને સુખી દાંપત્યજીવનના આશીર્વાદ આપ્યા હતા.



### બાલાસિનોર બસ સ્ટેશને શિવમ્ ચેરિટેબલ ટ્રસ્ટે 3000થી વધુ લોકોને ઠંડું શરબત પીવડાવ્યો

**લુણાવાડા |** હાલ રાજ્યભરમાં ગરમીનો પારો આસમાને પહોંચ્યો છે, ત્યારે અસહ્ય તાપ અને બફારાથી અકળાયેલા લોકોને રાહત આપવા માટે સામાજિક સંસ્થાઓ વહારે આવી રહી છે. આ કડીમાં બાલાસિનોરના જાણીતા શિવમ્ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા એક પ્રશંસનીય જનસેવા આંદોલન હાથ ધરવામાં આવ્યું હતું. સંસ્થા દ્વારા આકરી ગરમીમાં લોકોને શીતળતા બક્ષવા માટે એક ભવ્ય શરબત વિતરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં હજારો લોકોએ ગરમીથી આશરો મેળવ્યો હતો. ટ્રસ્ટ દ્વારા આ સેવાયજ્ઞ માટે ખાસ કરીને વ્યસ્ત એવા બાલાસિનોર બસ સ્ટેશન પરિસરની પસંદગી કરવામાં આવી હતી. આ કેમ્પનો લાભ બસની રાહ જોઈને ઉભેલા હજારો મુસાફરો, એસ.ટી.ના કર્મચારીઓ તેમજ ધોમધખતા તાપમાં રસ્તા પરથી પસાર થતા રાહદારીઓએ લીધો હતો.



### મહીસાગર જિલ્લામાં વડાગામ ૧૦૮ ઇમરજન્સી ટીમની સરાહનીય કામગીરી

**સંતરામપુર |** રાજ્ય સરકાર દ્વારા નાગરિકોને સત્વરે આરોગ્ય સેવાઓ પૂરી પાડવા માટે કાર્યરત ૧૦૮ ઇમરજન્સી સેવા મહીસાગર જિલ્લામાં લોકો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. ખાનપુર તાલુકાના પાંડરવાડા વિસ્તારમાં વડાગામ ૧૦૮ ની ટીમે સમયસૂચકતા વાપરીને એક સગર્ભા મહિલાની સફળ પ્રસૂતિ કરાવીને માતા અને નવજાત બાળકીનો જીવ બચાવ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, આજ રોજ અંદાજિત ૦૫:૫૩ કલાકે ખાનપુર તાલુકાના પાંડરવાડા વિસ્તારમાં રહેતી એક મહિલાને અચાનક પ્રસૂતિની પીડા ઉપડતા તેમના પરિવારજનોએ તાત્કાલિક ૧૦૮ ઈમરજન્સી સેવાનો સંપર્ક કર્યો હતો. ઘટનાની જાણ થતાં જ વડાગામ ૧૦૮ ની ટીમ ગણતરીની મિનિટોમાં ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. સગર્ભાની સ્થિતિની ગંભીરતા પારખીને, સમય વેડફ્યા વિના ઈમરજન્સી મેડિકલ ટેકનિશિયન સાગર ઠાકોર અને પાયલટ મયુરભાઈ પટેલે ઘટનાસ્થળે જ પ્રસૂતિ કરાવવાનો ત્વરિત નિર્ણય લીધો હતો.



### વિરસદમાં રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ નિમિત્તે જનજાગૃતિ રેલી યોજાઇ

**વિરસદ |** ૧૬ મે રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ નિમિત્તે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વિરસદ ખાતે તાલુકા હેલ્થ ઓફિસ બોરસદ તથા વિરસદના મેડિકલ ઓફિસર ડો. ગુંજન જાદવના માર્ગદર્શન હેઠળ વાહકજન્ય રોગો અંગે જનજાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાન અંતર્ગત આરોગ્ય સ્ટાફ, MPHW, CHO, FHW તેમજ આશા બહેનોએ વિરસદ ગામમાં જનજાગૃતિ રેલી યોજી હતી. રેલી દરમિયાન ડેન્ગ્યુ અને મેલેરિયા જેવા રોગોથી બચવા સ્વચ્છતા જાળવવા, આસપાસ પાણી ભરાઈ ન રહે તે માટે કાળજી રાખવા તેમજ મચ્છરજન્ય રોગો સામે સાવચેતી રાખવા અંગે લોકોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ લોકોમાં આરોગ્ય પ્રત્યે જાગૃતિ લાવવાનો હતો.



ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપનાઃ૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### લુણાવાડા અને બાલાસિનોરના ધારાસભ્યો દ્વારા બેઠકમાં પ્રજાહિતલક્ષી પ્રશ્નોની રજૂઆત કરાઈ

**સંતરામપુર |** મહીસાગર જિલ્લામાં કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે જિલ્લા વિકાસ અધિકારી યુવરાજ સિધાર્થના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન સમિતિ (ભાગ ૧ અને ૨) ની મહત્વપૂર્ણ બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લાના સર્વાંગી વિકાસ અને નાગરિકોના પડતર પ્રશ્નોના ત્વરિત નિરાકરણ અંગે સઘન સમીક્ષા અને ચર્ચા કરવામાં આવી હતી. આ સંકલન સમિતિની બેઠકમાં પ્રજાના પ્રતિનિધિઓ તરીકે લુણાવાડાના ધારાસભ્ય ગુલાબસિંહ ચૌહાણ અને બાલાસિનોરના ધારાસભ્ય માનસિંહ ચૌહાણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. બંને ધારાસભ્યો દ્વારા પોતાના વિસ્તારના નાગરિકોની સુખાકારી, પ્રાથમિક સુવિધાઓ અને અન્ય પ્રજાહિતલક્ષી વિવિધ પ્રશ્નો બેઠકમાં રજૂ કરવામાં આવ્યા હતા. આ રજૂઆતો પરત્વે હકારાત્મક અભિગમ દાખવી, તેના ઝડપી અને યોગ્ય ઉકેલ માટે સંબંધિત વિભાગના અધિકારીઓને અધ્યક્ષસ્થાનેથી જરૂરી સૂચનો અને માર્ગદર્શન પૂરા પાડવામાં આવ્યા હતા.

### કલોદરા હાઈસ્કૂલના બાળકોએ વેકેશનમાં દવાખાનાની મુલાકાત કરી



**કલોદરા |** કલોદરા હાઈસ્કૂલના બાળકોએ વેકેશનમાં દવાખાનાની મુલાકાત કરી આરોગ્ય વિષયક જ્ઞાન પ્રાપ્ત કર્યું. ભવિષ્યના ડોક્ટરના સ્વપ્નાને પાંખો આપી. વાંચવાથી જે જ્ઞાન પ્રાપ્ત થાય તેના કરતાં સાંભળવાથી વધુ સ્પષ્ટ માહિતી પ્રાપ્ત થાય. સાંભળવા કરતા ચિત્રો જોઈને માહિતી તેથી પણ વધારે સ્પષ્ટ થાય અને ચિત્રો જોવા કરતા જીવંત સાધન સામગ્રી સાથે જોવામાં આવે તો માનસપટ પર કાયમ માટે તે અંકિત થઈ જાય છે.

### ઉમરેઠના ધારાસભ્ય હર્ષદભાઈ પરમારે સ્વ જનગણના માહિતી ઓનલાઇન નોંધાવી

**આણંદ |** દેશના વિકાસ અને આયોજન માટે જનગણનાને મહત્વપૂર્ણ પ્રક્રિયા માનવામાં આવે છે. આ રાષ્ટ્રીય ફરજને પ્રાથમિકતા આપતા ઉમરેઠના ધારાસભ્ય હર્ષદભાઈ ગોવિંદભાઈ પરમારે પોતાની સ્વ જનગણનાની માહિતી ઓનલાઇન નોંધાવી હતી. તેમણે જનગણના પ્રક્રિયામાં નાગરિકોની સક્રિય ભાગીદારી જરૂરી હોવાનું જણાવ્યું હતું. સાથે જ તેમણે લોકોને પણ સ્વૈચ્છિક રીતે જનગણનાની માહિતી સમયસર અને યોગ્ય રીતે નોંધાવવા અપીલ કરી હતી. જનગણનાના આંકડા દેશના વિકાસ, સરકારી યોજનાઓ અને નીતિ નિર્માણ માટે મહત્વનો આધાર બનતા હોવાથી દરેક નાગરિકે તેને પોતાની રાષ્ટ્રીય જવાબદારી સમજી સહભાગી બનવું જોઈએ તેમ તેમણે જણાવ્યું હતું.

